॥ શ્રી ગણેશાય નમઃ ॥

## માસિક રાશી ભવિષ્ય

(તા.૧/૮/૧૦ થી ૩૦/૮/૧૦)

(૧) મેષ રાશિ : (અ.લ.ઇ.)

આપની આવકમાં વૃધ્ધિની શક્યતા જણાય છે. નાણાકીય વ્યવહારો માટે આ સમય શુભ છે. તમારા ધંધાની યોજનાઓ દ્વારા મહત્વનો લાભ મળશે. મુસાફરી લાભદાયી પુરવાર થાય. પત્નીના આરોગ્યની ચિંતા રહે. નોકરીયાત માટે આ સમય નવા ફેરફારો સુચવે છે.

(૨) વૃષભ રાશિ : (બ.વ.ઉ.)

આ સમયમાં તમે અનેક રીતે ઉત્સાહ અનુભવી શકશો. તમારા નાણાકીય પ્રશ્નોને પણ ઉકેલી શકશો. ખર્ચ વધે નવા કાર્યોની યોજના આગળ વધારી શકશો. તેમાં સફળતા મળે ગૃહજીવનમાં આનંદ - સહકાર વધે. આરોગ્ય જળવાશે.

(૩) મિથુન રાશિ : (ક.છ.ઘ.)

આ સમયમાં તમારા આરોગ્યની તકેદારી લેશો. નાની બિમારીનો યોગ છે. દાંતની સંભાળ લેશો હિતશત્રુના કારણે અશાંતિ ઉત્પન્ન થાય. ધાર્યા કામ સમયસર ન થાય. નોકરીયાતને સાચવીને ચાલવા જેવો સમય છે.

(૪) કર્ક રાશિ : (ડ.હ.)

આ સમયમાં પ્રવાસની યોજના લાભદાયી પુરવાર થાય. નવી સાહસ પરાક્રમથી લાભ મળે. ધંધાકીય પ્રશ્નો માટે આ સમય સાનુકુળ નીવડે છતાય આર્થિક મુશ્કેલી અનુભવવી પડે. મિલ્કતથી લાભ - સુખ - સગવડતાની વૃધ્ધિ થશે.

(૫) સિંહ રાશિ : (મ.ટ.)

નોકરી ધંધાને લગતા પ્રશ્નો નો ઉકેલ આવે. બઢતીનો માર્ગ ખુલ્લો થાય. સંતાન અંગે રાહત, પત્નીનું આરોગ્ય ચિંતા કરાવે. પ્રવાસ સફળ આરોગ્ય સાચવી શકશો. સગા સ્નેહીની બાબતથી દુઃખ અનુભવવુ પડે.

(૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)

આપના મનની સ્થિતિ વ્યથા - વેદના ભરી રહેશે. અકારણ ચિંતા ભયનો અનુભવ થાય આપની નાણાકીય મુશ્કેલી માંથી માર્ગ મળે નોકરી ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. મકાન અંગેના પ્રશ્નોથી મુંઝવણ રહે. ગૃહજીવનમાં કપરી કસોટી થતી જણાશે. ધીરજ અને સ્વસ્થતા માત્ર ઉપાય છે.

(૭) તુલા રાશિ : (ર.ત.)

તમારા માર્ગ આડેના અવરોધો હશે તો દૂર થશે. આર્થિક ભીસમાંથી કોઇની મદદ કે ઉધરાણીના નાણા આવવાથી રસ્તો મળી આવશે. નોકરી ધંધા ક્ષેત્રે મળેલી તક ગુમાવી ન બેસો તે જોજો પત્નીનો સહકાર મળે, સંપત્તિના કાર્યમાં સફળતા મળતી જણાય.

(૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)

આપના મકાન કે વાહનની લે-વેચ ના કામકાજ અંગે સાનુકુળતા વધશે. મહત્વની તકો પ્રાપ્ત કરશો. અહી આવક કરતા જાવક વધુ રહેશે. તેથી નાણાકીય ભીડ જણાશે. નોકરીયાતને બઢતી તક મળે. પ્રવાસ થાય. જીવનસાથી નું આરોગ્ય બગડતુ જણાય. વિદ્યાર્થી વર્ગને ધાર્યુ પરીણામ ન આવતા નિરાશા જણાય.

(૯) ધન રાશિ : (ભ.ધ.દ.ઢ.)

આ સમયમાં નોકરીયાતોએ વિરોધી હિતશત્રુથી સાચવીને ચાલવું. તમારા કાર્યની કદર થવાના બદલે વિરોધ સહન કરવોપડે, ટેન્શન અશાંતિ અનુભવાશે. પ્રવાસ થાય. ગૃહજીવનમાં એકંદરે સંવાદિતા રહે કામકાજોની ચિંતાનો બોજ વધે. પ્રતિકુળતા વધે આ સમય ધીરજ પૂર્વક આવનાર સાનુકુળ સમયની રાહ જોવી પડશે. સંતાનોના આરોગ્યની સંભાળ લજો.

(૧૦) મકર રાશિ : (જ.ખ.)

આપની માનસિક પરિસ્થિતિ મિશ્ર પ્રકારની રહેશે આશા નિરાશા, ચિંતા -આનંદ એમ બેવડા અનુભવો થશે. આર્થિક રીતે સમય ખર્ચાળ જણાશે. આવક કરતા ખર્ચનું પ્રમાણ વધે નહિ તે જોજો જમીન મકાનને લગતા કામકાજો માટે ગ્રહો સાનુકુળ છે. વ્યવસાયિક નોકરી ક્ષેત્રે અકારણ અશાંતિ ઉભી થાય ધાર્યુ થાય નહિ. પતિ-પત્ની વચ્ચેના સબંધો સંવાદીતા ભર્યા રહે.

(૧૧) કુંભ રાશિ :(ગ.સ.શ.ષ.)

આપના હાથ ધરેલા કામકાજોમાં પ્રગતિ થશે અને તમારી યોજના મુજબ તમે આગળ વધી શકશો. સફળતા મળે આ સમયમાં નાણાકીય ચિંતા દૂર થશે. આવકનું પ્રમાણ વધારી શકશો. તમારી અંગત મૂંઝવણ દૂર થતા રાહત રહેશે. ગૃહજીવનમાં અશાંતિ જણાય.

(૧૨) મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)

અણધાર્યા ખર્ચના પ્રસંગ આવવાથી કપરી સ્થિતિ બને નાણાભીડના કારણે કોઇ કામ આકરૂ લાગે. સ્વાસ્થ્ય સાચવજો જીવનસાથીની વિસંવાદિતા કે વિયોગ થાય. નોકરીયાતને બદલી સાથે ઉન્નતિના યોગ છે. ધંધાકીય તકો સારી મળે. સ્વજનથી મિલન દાંપત્ય જીવનની ગેરસમજ દૂર થાય. સારો ઉકેલ મળે. સંતાન અંગે ચિંતા રહે.

લેખક : ઠાકોરપ્રસાદ શરદકાંત મહેતા (ચાંગા)
વધુ માહિતી માટે સંપર્ક :- ૯૯૨૫૧૦૩૯૪૦

## ખબર હશે તો ખપ લાગશે.

### ફરસની જાળવણી

✱ ફરસ મારબલની હોય તો વર્ષમાં એકવાર પોલિશ કરવાથી અથવા મારબલ સફાઇ પાવડર અથવા ડિટર્જન્ટથી સાફ કરવી.

✱ ફરસના ડાઘા દૂર કરવા સોડા બાયકાર્બોનેટ કે પાણીનો ઉપયોગ કરો.

✱ ગરમ પાણીમાં સીરકો મેળવી ટાઇલ્સ સાફ કરો.

✱ પોતામાં લીક્વીડ ડિટર્જન્ટના ટીપા નાખો.

✱ સ્ટ્રોંગ ક્લિનરનો ઉપયોગ કરવો પડે તો તે એસિડ કે અલ્કાઇન યુક્ત ન હોય તેની કાળજી રાખવી.

✱ સ્ટીલનું બ્રશ કે ખરબચડી સપાટી ધરાવતા ક્લીનીંગ પેડનો ઉપયોગ ન કરવો. કેમકે સ્ટીલના સુક્ષ્મ તાર તૂટી જતા કાટના ડાઘ પડી શકે છે.

✱ એસિડ યુક્ત ક્લિનરનો ઉપયોગ કરવાથી ફરસની ચમક અને રંગ ઝાંખો પડી જાય છે.

✱ સિરકો (વિનેગર) માં એસિડ હોય છે તેથી વાપરવું નહિ.

✱ દરવાજા પર પગલૂછણીયું રાખવું જેથી ફરસ ખરાબ થાય નહિ.

✱ ફર્નિચરના પાયાને રબરના ડટ્ટા રાખવા જેથી ખસેડતી વખતે ફરસ પર લીસોટા પડે નહિ.

✱ ટાઇલ્સવાળી ફરસ પર પોતા કરતા કરવા સાબુવાળા પાણીનો ઉપયોગ કરવાથી ડાઘ રહી જવાથી ટાઇલ્સની ચમક ઓછી થાય છે.

✱ મારબલની લાદી પર પોતુ કરવા પાણીમાં પાણીમાં થોડુ કેરોસીન મેળવી પોતુ કરવાથી લાદી ચમકશે અને માખી મચ્છર દૂર થશે.

✱ ચોમાસામાં લાદી પર પોતુ કરતી વખતે પાણીમાં ફીનાઇલ સાથે હળદર ભેળવવાથી માખીનો ઉપદ્રવ દૂર થશે.

✱ રસોડાના પ્લેટફોર્મ કે ટાઇલ્સ પર ક્ષાર બાઝી ગયો હોય તો તેના પર કકરો પથ્થર ઘસવાથી ક્ષાર દૂર થશે.

✱ લાદી પર તેલ, ઘી ઢોળાય તો થોડો ઘઉંનો લોટ તના પર ભભરાવીને થોડીવાર પછી કપડાથી લૂછવાથી લાદી ચોખ્ખી થઇ જશે.

✱ રંગીન લાદી ગરમ પાણી વડે ધોવામાં આવે તો લાદીનો રંગ ઝાંખો પડી જાય છે.

✱ મારબલ પરના ડાઘ દૂર કરવા તેના પર સફેદ શુપોલિશ લગાડી કપડાથી લૂછી નાખો.

– કનુભાઇ નાયબ મામલતદાર
રમેશભાઇ

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ

તા.૨૫/૭/૨૦૧૦ને રવિવારના રોજ બ્રહ્મલીન પ.પૂ.લક્ષ્મણદત્ત બ્રહ્મચારીજી (માઉન્ટ આબુ - રાજસ્થાન) ના દક્ષ પરીવાર દ્વારા તલોદ (સાબરકાંઠા) મુકામે ગુરૂ પૂર્ણિમા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ.

આબુ - આબુરોડ - અમીરગઢ - કૈલાસફાર્મ - અમદાવાદ - ગાંધીનગર - હિંમતનગર - મોડાસા - ધનસુરા - શીકા - ગઢી - પિલુન્દ્રા - નાદરી (ઇડર) - તલોદ - કૃષ્ણપુરા કંપા - ડભોડા વગેરે સ્થળોથી શિષ્ય સમુદાય હાજર રહી બ્રહ્મલીન પ.પૂ.લક્ષ્મણદત્ત બ્રહ્મચારીજીને પુષ્પાંજલી અર્પિત કરી ધન્ય બનેલ.

દક્ષ પરીવારના શ્રી નવીનભાઇ કે.ત્રિવેદી (શીકા) દ્વારા આજના પ્રસંગના યજમાન શ્રી સતુભાઇ, ગોપાલભાઇ, બાલમુકુન્દભાઇનું તેમજ સુંદરકાંડ પરીવારના ગોસ્વામીજી સંજયગીરી અને પરીવારનું દક્ષ પરીવાર વતી સન્માન કરી આભાર વ્યક્ત કરવામાં આવેલ. ખૂબજ મધુર કંઠમાં સંગીતમય સુંદરકાંડનું હાજર સૌ ભક્ત સમુદાયે પઠન કરી આજના ગુરૂ પૂર્ણિમાના પવિત્ર દિવસે સુંદરકાંડ પાઠ પૂ.ગુરૂદેવને સમર્પિત કરેલ.

આ પ્રસંગે શ્રી કમલેશભાઇ મણીભાઇ પંડ્યા (સરડોઇ - અમદાવાદ) શ્રી જીતેન્દ્રસિંહ બી.રાઠોડ (ગાંધીનગર) શ્રી ગોપાલભાઇ (તલોદ) દ્વારા પૂ.શ્રી ના જીવન પ્રસંગોને યાદ કરી પ્રાસંગીક ઉદ્બોધન કરી પૂ.શ્રીને ભાવાંજલી અર્પણ કરેલ.

અંતમાં પ.પૂ.ગુરૂદેવને હાજર દક્ષ પરીવાર અને સ્થાનિક હાજર લોકોએ શ્રધ્ધાંજલી અર્પણ કરી પ્રસાદ ગ્રહણ કરી સૌ છૂટા પડેલ.

–કમલેશભાઇ મણીભાઇ પંડ્યા

## પસંદગી સંમેલન પરિચય પુસ્તકમાં મુદ્રણ દોષ માટે ક્ષમા યાચના અને સુધારા

### યુવતી

નં.૪૧. જોષી રૂપલબેન પ્રવિણચંદ્ર મુ. ઉત્તરસંડા, એમ એ.બી.એડ, (શિક્ષિકા) આવક રૂા.૫૦૦૦
(પગે પોલીયો નથી)

નં.૭૭. ઉપાધ્યાય દિપાલીબેન પ્રદિપકુમાર
જન્મ તા. ૨૧/૩/૧૯૮૫

નં.૮૦-૮૧.ભટ્ટ પીનલ દુષ્યંત કુમાર ,
ભટ્ટ નમ્રતા દુષ્યંતકુમાર
ફોન :૦૨૯૯૪ ૩૧૩૨૫૨

### યુવક માત્ર રજીસ્ટ્રેશન

નં.૫.ભટ્ટ હર્ષિલકુમાર કિર્તિકુમાર
૨૯, લક્ષ ટાઉનશીપ

નં.૫૦.ઉપાધ્યાય કાર્તિકકુમાર પિયુષકુમાર
(મો) ૯૪૨૭૯ ૯૦૭૯૨

નં.૭૦.પુરોહિત પંકજકુમાર નટવરલાલ
ફોન : ૦૨૯૮ ૨૫૬૩૯૯૪

નં.૭૧.દવે પ્રદિપકુમાર જશવંતલાલ
(મો) ૯૮૭૯૮ ૭૫૮૦૯

## અવસાન નોંધ

ખેરાડી નિવાસી હાલ (ભાયંદર - મુંબઇ) અલ્પેશભાઇ બીપીનચંદ્ર વ્યાસ નું તા.૧૯-૭-૧૦ના રોજ આશરે ૩૪ વર્ષની વયે મુંબઇ (ભાયંદર) મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ સદ્ગતના કુટુંબીજનોને અકાળ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી "દક્ષ દ્રષ્ટિ" પરીવાર તરફથી પ્રભુને પ્રાર્થના. – સંજયકુમાર આર.પંડ્યા

(દક્ષ દ્રષ્ટિ)

# દક્ષ દ્રષ્ટિ પરીવાર દ્વારા નોકરી વાંચ્છુક યુવકો અને યુવતીઓ માટે રોજગાર માર્ગદર્શનનું આયોજન

હાલમાંજ તા.૧૮/૭/૨૦૧૦ને રવિવારના રોજ નડીઆદ મુકામે દક્ષ દ્રષ્ટિ પરીવાર દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજના જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે આપ સૌ વાચકો, વડીલો, મીત્રો અને સહાયકોના આશિર્વાદ થકી ખૂબજ સફળતા પૂર્વક સંપન્ન થયું.

ઉપરોક્ત આયોજનની સફળતાથી પ્રેરાઇ અને દક્ષ દ્રષ્ટિ પરીવારના સૌ સદસ્યો ના માર્ગદર્શન સાથે સમાજના નોકરી વાચ્છુક યુવક-યુવતીઓ ને મદદરૂપ થઇ શકાય તે હેતુથી દક્ષ દ્રષ્ટિ પરીવાર દ્વારા રોજગાર લક્ષી માર્ગદર્શન આપી નોકરી મેળવવામાં મદદરૂપ થઇ શકાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત નોકરી વાચ્છુક યુવક - યુવતીઓએ પોતાની શૈક્ષણિક લાયકાત સાથે તમામ વિગતો દર્શાવતુ ફોર્મ નિયત ફી સાથે ભરી કાર્યાલય ઉપર રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. અને પ્રાથમીક ઇન્ટરવ્યુ બાદ ઉમેદવારની યોગ્યતા મુજબ તેઓને નોકરી મેળવવામાં દક્ષ દ્રષ્ટિ પરીવાર દ્વારા પ્રયત્નો કરવામાં આવશે.

ઉમેદવારે ફોર્મ ભરતી વખતે પોતાના શૈક્ષણિક અને અનુભવના તમામ સર્ટીફીકેટની નકલો સાથે લાવવાની રહેશે. અને નીચે દર્શાવેલ ફોર્મ સ્વહસ્તાક્ષરમાં ભરી તા.૧૫/૯/૨૦૧૦ સુધી દક્ષ દ્રષ્ટિ કાર્યાલય ઉપર જમા કરાવવાનું રહેશે.

શ્રી ૧।

## દક્ષ દ્રષ્ટિ

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ સામાયિક



**દક્ષ કન્સલ્ટન્સી**
**૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજબજાર, નડીઆદ,**
**ફોન : (ઓ) ૨૫૬૪૨૩૨, (મો) ૯૮૨૫૪૪૯૫૦૫, ૯૪૨૮૬ ૪૯૯૪૫**
Email : dakshconsultancyape@yahoo.co.in

## રજીસ્ટ્રેશન ફોર્મ

**ઉમેદવારનો તાજેતરનો કલર ફોટો ગુંદરથીજ લગાવવો.**

દક્ષ દ્રષ્ટિ પરીવારના (દક્ષ દ્રષ્ટિ સમચિકનું લવાજમ ભરેલ હોય તે) સભ્યો માટે **રૂા. ૨૦૦/-**

અન્ય માટે **રૂા. 300/-**

ઉમેદવારની અટક : ____________ નામ : ____________ પિતા : ____________

સંપર્કનું સરનામુ : ____________

____________

પીન કોડ : ____________ ફોન : (ઓ) : ____________ (રહે) : ____________

(મો) ____________ ઇ.મેઇલ : ____________

જન્મ તારીખ : ____________

ઉમેદવારનો અભ્યાસ : ____________

ઉમેદવારની હાલની પ્રવૃત્તિ : ____________ ઉમેદવારની માસિક આવક રૂા. ____________

પિતાનો વ્યવસાય : ____________ પિતાની માસિક આવક રૂા. ____________

ઉમેદવારનો વિસ્તૃત સ્વપરીચય : શોખ : ____________

____________

ટેલેન્ટ કે કૌશલ્ય : ____________

અનુભવની વિગત : ____________

અપેક્ષિત વ્યવસાય ક્ષેત્ર ____________ અપેક્ષિત શહેર ____________ અપેક્ષિત પગાર ____________

**નોંધ :**
- ઉપરોક્ત રજીસ્ટ્રેશન માત્ર એક વર્ષ સુધી જ માન્ય ગણાશે ત્યાર બાદ ફરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
- ઉમેદવારે કોઇ પણ કંપનીના ઇન્ટરવ્યુમાં સ્વખર્ચે અને નિયત સમયે હાજર રહેવું. તેઓને યોગ્યતા અને લાયકાતના આધારે જ સિલેક્ટ કરવામાં આવશે. દક્ષ દ્રષ્ટિ પરીવાર દ્વારા ઉમેદવારને માત્ર યોગ્ય વ્યવસાય શોધી ઇન્ટરવ્યુ સુધી પહોંચાડવામાં સહકાર આપવામાં આવશે.
- ઉમેદવાર ઇન્ટરવ્યુ પહેલા સ્વતંત્ર રીતે કોઇ વ્યવસાય કે નોકરીમાં જોડાઇ ગયા હોય તો અગાઉથી જાણ કરવી.
- રજીસ્ટ્રેશન ફી કોઇપણ સંજોગોમાં પરત મળશે નહિ.

**ઉમેદવારની સહી :** ____________

# વૃત્તિ, વલણ, લાગણી, માંગણી

આપણી ભારતીય સંસ્કૃતિમાં સમર્પણ અને ત્યાગનું મુલ્ય બહુ છે. એવા અદ્દભુત સમર્પણ અને ત્યાગનું યોગ્ય પાત્ર હોય તો તે દિકરી જ છે. દિકરીનું સમપર્ણ અને ત્યાગ સૌથી વિશેષ અને વિશિષ્ટ છે. કારણ તે પિયરમાંથી સાસરે જાય છે ત્યારે પિયરનું ઘણુ બધુ છોડી દે છે. અથવા છોડવા સતત મથે છે. સાસરે જાય ત્યારે તન અને મનથી સર્વસ્વ સમર્પણ કરતા શીખી જાય છે. દુધમાં સાકર ભળે તેમ ભળી જાય છે. અથવા સતત પ્રયત્ન કરે છે. તેથી જ કહેવાય છે કે ટીકરી તો ઘરના ઉંબરા પરનો જલતો દિપક છે. જે ઓરડા અને ઓસરી બંન્નેમાં પ્રકાશ ફેલાવે છે. તેમ દિકરી પોતાના જ્ઞાન અનુભવ અને કર્તવ્ય વડે પિયર અને સાસરી બંન્ને કુળમાં ઉજાશ આપે છે. ઉજાશ આપવા પ્રયત્ન કરે છે. પ્રકાશ એટલે જ્ઞાન ઉજાશ એટલે જ્ઞાનને વર્તનમાં વ્યવહારમાં વિવેક જાળવે તે દિકરી.

પહેલાના જમાનામાં દિકરીને સાપનો ભારો કહેતા, હવે દિકરીને તુલસીનો ક્યારો કહે છે. જેવો ગોળ વિના મોળો કંસાર, મા વિના સુનો સંસાર પ્રાચીન કહેવત પણ નવા સ્વરૂપે ચીઝ વગરના પીઝા ને દિકરી વગરના પિતા અધુરા છે. પ.પૂજ્ય મોરારી બાપુ પણ કહે છે પુત્ર એ પિતાનું રૂપ છે. પરંતુ પુત્રી તો પિતાનું સ્વરૂપ જ છે. કારણ પુત્ર એ બાપનો હાથ છે અને દિકરી તો બાપનું હૈયુ છે. એટલે જ કન્યા વિદાય પ્રસંગે પિતા પોતાનું હૈયુ આપતા હોય તેટલુ દુઃખ અનુભવે છે. પિતા ને પોતાની દિકરીમાં તેમની માં, બહેન, પુત્રી, સખી ના દર્શન થાય છે. દિકરી પોતાની માને ક્યારેય વૃધ્ધ માનતી નથી. અને પિતાને ક્યારેય અસ્ત વ્યસ્ત થવા દેતી નથી. એવી રીતે સતત કારજી રાખે છે. માતા-પિતાના સંસ્કારો ને પોતાની સાસરીમાં વર્તન વડે સોભાવે છે. સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર-દેરાણી અને નણંદ સાથે હળી મળીને રહે છે. રાગ દ્રેશ ટાળે છે. મારૂ-તારૂ નહિ પણ આપણા સૌનું ચરિતાર્થ કરે છે.

## નારી દ્રષ્ટી

દિકરી એ તો ભગવાને માના પેટે જન્માવેલ ભેટ છે. દિકરીમાંથી બહેન, પત્ની માતાના સ્વરૂપે સર્જાય છે. તેમાંથી અન્ય સબંધો સર્જાય છે. દિકરી દિકરાના ભેદ નહિવત બનતા જાય છે. સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં સ્ત્રી પુરૂષની સમોવડી થતી જાય છે. તો પણ સંસાર અને સૃષ્ટિ ચક્રને સતત ટકાવવાનું કામ સ્ત્રી થકી જ થાય છે. અલબત પુરૂષની હયાતી અને સક્રિયતા પણ તેટલી જ જરૂરી છે. વિશ્વમાં પુરૂષો કરતા સરેરાશ સ્ત્રીઓનું પ્રમાણ ઓછુ હોવાથી માંગ પુરવઠા આધારીત નિયમે પણ સ્ત્રીનું મુલ્ય અને મહત્વ પણ વધારે છે. ઘણા દેશોમાં બહુ પત્નીત્વ અને માતૃત્વ વંશાવલી અસ્તિત્વ ધારેવ છે. તે સામે એક પતીત્વ અને એક પિતૃ વંશાવલીનો સ્વીકાર કરનાર સ્ત્રીઓની બહુમતી પણ છે. છૂટાછેડાના કિસ્સામાં સ્ત્રી કરતા પુરૂષોનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેનું કારણ સ્ત્રી સમાજમાં સેટ થઇ શકે છે. એડજસ્ટ કરી શકે છે પણ પુરૂષ તેમ કરી શકતો નથી. જ્યાં સ્ત્રીનું સન્માન સચવાય છે ત્યાં સમાજ સમૃધ્ધિના શિખરે રહે છે.

**– દિપા જોષી**

---

મીત્રો,

(૧) જગતનો પ્રેમ કદી ઓછોથતો જ નથી, આપણી અપેક્ષાઓજ વધારે હોય છે.

(૨) સમયને વશ કરતા જે શીખે, તે ગમે તેને વશ કરી શકે છે.

(૩) સફળતા મેળવવા માટે માણસે જે કિંમત ચુકવવી પડે છે તે મૂલ્યના માપમાં ઓછી કહેવાય.

(૪) માણસ બીજાની દ્રષ્ટિએ જોવાની આદત કેળવે તો બધાને ચોક્કસ શાંતિ મળે.

(૫) સત્યને વળગી રહેશો તો વિજય તમારો થશે જ પણ સત્યને પચાવવું અઘરૂ છે. કારણ સત્ય મોટાભાગે કડવું હોય છે.

(૬) સત્યને આચરણમાં મૂકનાર હંમેશા સંતોષનો અનુભવ મેળવે છે.

(૭) મનને અને વૃત્તિઓને મારતા નહિ તેને સંયમમાં અને વાળતા શીખો.

(૮) જેને સારા મીત્રોની સોબત મળે તેને બીજા કશાની જરૂર પડે જ નહિ.

(૯) સમય સાથે ચાલનારો ક્યાંય પાછો પડે નહિ, પરિવર્તન અને પડકાર સમય સાથે જ છે.

(૧૦) સતત દિવસ રાત, સુખ-દુઃખ, જ્ઞાન-અજ્ઞાન, વિજય-પરાજયનું નામ જીંદગી છે.

(૧૧) સંસ્કાર વિનાના માનવમાં અને પશુના જીવનમાં કોઈ જ ફરક નથી.

(૧૨) પોતાના આંતરીક સૌંદર્ય, ગુણો અને મુલ્ય હશે તો જીવન આપો આપ સુંદર બનશે.

(૧૩) મનની શાંતિ જાળવવા સદા શુધ્ધ પવિત્ર વિચાર અને આચરણ કરતા રહો.

(૧૪) જેમ મિત્રતા સમોડીઆ સાથે કરવી તેમ શત્રુતા ખાનદાન વ્યક્તિ સાથે જ કરવી.

(૧૫) સત્ વિચારો અને સત્કાર્યોની સુવાસથી જ માનવ જીવન મહેકી ઉઠે છે.

(૧૬) શ્રધ્ધા માનવ જીવનનું બળ છે. શ્રધ્ધા ટકશે તો જ જીવન ટકશે. શ્રધ્ધામાં શંકા ન હોય.

(૧૭) જે પોતાના મનનું જતન કરી શકે તેજ બીજાના બીજાના મનનું જતન કરી શકે.



## બાળ દ્રષ્ટી
## ચિંતન યોગ્ય

(૧૮) માનવ જીવન સિધ્ધાંતો સાથેનું જીવવું અઘરૂ છે. પણ સાવ અશક્ય નથી. વ્રત નિયમ પાળો.

(૧૯) સિધ્ધાંન્તવાદી જીવન જીવનારને અનેકઘણું સહન કરવું પડે છે. પણ સિધ્ધાંન્ત સાથે સમાધાન કરશો નહિ.

(૨૦) આ જગતમાં જે પોતાના માટે જ માત્ર વિચાર કરે છે તે સૌથી વધુ દુઃખી થાય છે.

(૨૧) દિવસે કે રાત્રે માણસે એવું કામ ના કરવું કે શાંત મનથી ઉંઘ ના આવે.

(૨૨) શ્રધ્ધા અને અંધશ્રધ્ધા થવા દેવી કે નહિ તે માણસના પોતાના હાથમાં છે.

(૨૩) પરમાત્મા પરમકૃપાળુ અને પરમ દયાળુ છે. તેના પર સંપૂર્ણ વિશ્વાસ રાખો.

(૨૪) સંપ એ ભગવાનનું દૈવત છે. કુસંપ એ કળીયુગ છે. એક અને મેક બની રહો.

(૨૫) નમ્રતાનો અર્થ નબળાઇ થવા માટે ત્યારે સજ્જ ને ચેતી જવું જોઇએ.

(૨૬) સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છતા નહિ પણ જવાબદારીનો હક સ્વીકારવો થાય.

(૨૭) જે શિક્ષણ માણસને જ્ઞાન આપે અને જીવનમાં ઉપયોગી થાય તે જ સાચુ શિક્ષણ.

(૨૮) જેનું તન અને મન સ્વસ્થ હોય તે જંગમાં હિંમતથી ઉતરે અને જંગ જીતે છે.

(૨૯) જેનું મનોબળ અને આત્મબળ મજબુત હોય તે મુશ્કેલ કાર્યો સહેલાઇથી કરી શકે છે.

(૩૦) સત્ય આકરૂ હોય તો પણ તેને સ્વીકારવાની હિંમત બતાવવી જ જોઇએ.

**– દક્ષ જોષી**

---

# વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ભવન નિર્માણના ફળ અને પ્રમાણ

(૩૭) ટી.વી. ફ્રીજ ટેલીફોન અગ્નિ ખૂણામાં રાખવા.

(૩૮) દવાઓ ઈશાન ખૂણામાં રાખવી.

(૩૯) દર્દીને વાયવ્ય દિશામાં સુવાડવો.


(૪૦) આઇનો દક્ષિણ દિશામાં રાખવો.

(૪૧) વૃક્ષો કાંટાળા,દુધાળા વૃક્ષો બારણામાં રાખવા નહિ.

(૪૨) આ સિવાય પણ અનેક મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જેવા છે.

વાસ્તુશાસ્ત્રમાં રંગોને પણ ખૂબજ મહત્વ આપવામાં આવે છે. મકાન ઉપર ક્યા દેવની દ્રષ્ટિ છે તે પ્રમાણે મકાનનો બહારનો રંગ નક્કી કરવામાં આવે છે. પૂર્વાભિમુખ મકાન હોય તો મકાનમાં બહાર સફેદ રંગ કરવો જેથી દેવોની કૃપા ઉતરે છે. જો મકાન પશ્ચિમમુખી હોય હોય તો ભુરો રંગ બહાર કરવો જેથી વરૂણ (જલદેવ) ની કૃપા ઉતરે છે. જો મકાન ઉત્તરાભીમુખ હોય તો બહાર લીલો, પીળો રંગ કરવો જેથી કુબેરની કૃપા ઉતરે છે. દક્ષિણાભીમુખ હોય તો લાલ, નારંગી રંગ કરવાથી યમની કૃપા ઉતરે છે. જો ઇશાનમુખ હોય તો લીલો, સોનેરી, ઘેરો લીલો રંગ બહાર કરવો જોઇએ. જો નૈઋત્યમુખી હોયતો લીલો રંગ બહાર કરવો. મકાન વાયવ્ય મુખી હોય તો સફેદ રંગ કરવો.

બેઠક રૂમમાં કોઇ પણ જાતનો લીલો રંગ કરવો, લીલો રંગ શાંતિ આપે છે. રસોડામાં અને ભોજનશાળામાં લાલ ગુલાબી રંગ કરવો લાલ રંગ ભૂખને ઉત્તેજીત કરે છે. સુવાના રૂમમાં ભુરો વાદળી રંગ કરવો. ભૂરો વાદળી રંગ નિંદ્રા લાવે છે.




**–લાભશંકર શાસ્ત્રી**
**નડીઆદ.**

---

## અભિનંદન

**વ્યાસ નિયતિ દેવાંગકુમાર**
નડીઆદ

ધોરણ ૧૦માં ૯૦ % માર્કસ મેળવી ઉત્તિર્ણ થયા છે. કુ.નિયતીને દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## ગૌરવ

**મિલન જગદીશચંદ્ર ઠાકર**

મહેમદાવાદ નિવાસી અને જીલ્લા પંચાયત કર્મચારી શ્રી જગદીશચંદ્ર શાંતિલાલ ઠાકરના પુત્ર ચિ. મિલન જગદીશચંદ્રએ જુન-૨૦૧૦માં લેવાયેલ એમ.બી.એ. ની પરીક્ષામાં ૬૮.૪૨ માર્કસ પ્રાપ્ત કરીને કોલેજ તરફથી બેસ્ટ સ્ટુડન્ટ નો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. જે સમસ્ત બ્રહ્મ સમાજ માટે ગૌરવ રૂપ છે. ચિ. મિલન ને તેની આ સફળતા બદલ દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

# નવા વરાયેલા ૨૦૧૦-૧૧ વર્ષના પ્રમુખ, મંત્રી ઈનરવ્હીલ ક્લબ ઓફ ઉમરેઠનો શપથવિધી સમારોહ ભારે ધામધૂમથી યોજાયો.

રોટરી પરીવારની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સેવાકીય પ્રવૃતિઓ કરી રહેલી મહિલા વીંગની ઈનરવ્હીલ ક્લબ ઓફ ઉમરેઠના નવા વરાયેલા ૨૦૧૦-૧૧ વર્ષના પ્રમુખ શ્રીમતી નિતાબેન કે.વ્યાસ અને તેમની ટીમનો શપથવિધી સમારોહ તાજેતરમાં ધામધૂમથી યોજાઇ ગયો.

સમારંભની શરૂઆતમાં શ્રીમતી સુમિત્રાબેન ભટ્ટ (નડીઆદ) એ પ્રાર્થના કરી હતી. નવા વરાયેલા ઉત્સાહી પ્રમુખ શ્રીમતી નિતાબેન કમલકુમાર વ્યાસે સ્વાગત પ્રવચન કરી વર્ષ દરમ્યાન સારી અને લોકોપયોગી સુંદર પ્રવૃતિઓ કરવા ખાત્રી આપી હતી. ગત વર્ષના પ્રમુખ શ્રીમતી પ્રેમીલાબેન શાહે નવા વરાયેલા પ્રમુખ શ્રીમતી નિતાબેન કે.વ્યાસને કોલર અર્પણ કરી ઈનર વ્હીલ પ્રમુખ જાહેર કર્યા હતા.

ભાવનગરથી પધારેલા ડીસ્ટ્રીકટ ચેરમેન શ્રીમતી બીનાબેન જૈને સૌ સભ્યોને શપથ લેવડાવ્યા હતા. શ્રીમતી કુસુમબેન ચોકસીએ તેમજ કાર્યકર કમલકુમાર એસ.વ્યાસ (પેઇન્ટર) એ આવેલા મહેમાનોનો પરીચય વિધિ કરાવ્યો હતો. આવેલા તમામ મહેમાનોનું શાલ ઓઢાડી સ્મૃતિ ચિન્હ અર્પણ કરી શિલ્ડથી સન્માન સ્વાગત કરાયુ હતુ.

સમારંભમાં પધારેલ આણંદના પીડીસી રમાબેન દોશી, પેટલાદના પીડીસી અરૂણાબેન ચોકસી, આણંદ જીલ્લા મહિલા બ્રહ્મ સમાજના મહામંત્રી શ્રીમતી ઝરણાબેન ગોર, ચરોતર મહિલા હિતવર્ધક મંડળના મહામંત્રી શ્રીમતી જાગૃતિબેન ઠક્કર આણંદના ડીવાયએસપી શ્રી આર.સી.પાઠક, આણંદ અને ઉમરેઠના ટીડીઓશ્રી જયદીપસિંહ ચૌહાણ વિગેરે એ પ્રાસંગિક પ્રવચનોમાં શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે કાર્યક્રમનું જીલ્લા પંચાયત આણંદના પ્રમુખ શ્રીમતી રતનબેન જાદવે દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન કર્યું હતું. આણંદ બ્રહ્માકુમારીઝના પ્રમુખ સંચાલિકા પૂ. ગીતાબેને આશીર્વચન પાઠવ્યા હતા. જાગૃત મહિલા સંગઠન આણંદના પ્રમુખ શ્રીમતી આશાબેન દલાલે પ્રમુખ સ્થાનેથી સરકારશ્રીની યોજનાઓનું સવિસ્તાર વર્ણન કર્યું હતું અને મહિલા લક્ષી અનેક સેવાકીય કાર્યો થશે તેવી શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે નડીઆદના શોષિત કામદાર સંઘના પ્રમુખ ઈશ્વરભાઇ અમરાવત, દરજી જ્ઞાતિના અગ્રણી અરવિંદભાઇ દરજી, મનહરભાઇ જોષી, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગાયક કલાકાર તુષાર ત્રિવેદી, ઉમરેઠ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સુધાબેન શાહ અને ચીફ ઓફીસર શ્રીમતી પ્રજ્ઞાબેન કોડિયાતર તેમજ ઉમરેઠ રોટરી લાયન્સના હોદ્દેદારો પિયુષભાઇ શહેરાવાળા, રશ્મીકાંન્ત જે શાહ, વહીલ કીરીટકુમાર ચોકસી, જયપ્રકાશ શાહ વિગેરેએ ઉપસ્થિત રહી હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમના અંતમાં શહેરીજનોએ નવા વરાયેલા પ્રમુખ શ્રીમતી નીતાબેન વ્યાસનું સન્માન કરાયું હતું. અંતમાં આભાર દર્શન શ્રીમતી જયશ્રીબેન શાહે કર્યું હતું. કાર્યક્રમ બાદ આપ ભી ગાઇએ તે મુજબ ફિલ્મી ગીતોનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો.

**-દક્ષ દ્રષ્ટિ**

## સમસ્ત બ્રહ્મ સમાજ દાહોદ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત

તા.૧૩/૭/૨૦૧૦ના રોજ જય જગન્નાથના નારા સાથે નીકળેલ જગન્નાથ રથયાત્રાનો દાહોદના પડાવ વિસ્તાર માં તમામ સમસ્ત બ્રહ્મ સમાજના વ્યક્તિઓ વતી ચા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ રથયાત્રામાં દાહોદ સાંસદ, ગુજરાત રાજ્ય પ્રો.રોજગારી મંત્રી તથા તમામ રાજનેતા અને જગન્નાથ ભક્તોએ મોટા ભાગે હાજરી આપી હતી.

આ રથયાત્રા સવારે ૮.૦૦ કલાકે નીકળી સાંજે ૬.૦૦ કલાકે રણછોડ મંદિર, હનુમાન બજાર, દાહોદ માં સમાપ્ત થઇ હતી.

**-બદ્રીપ્રસાદ જે.શર્મા.**

## સૂર્ય યોગ અને સૂર્ય દર્શન (સન ગેઝીંગ)

સૂર્યદેવની આરાધના પૂજા અને તેમના પ્રકાશઅને શક્તિનો મહિમા સદીઓ પુરાણો છે. સૂર્ય શક્તિનો ઉપયોગ અને તેને લગતી માહિતી અનેક દેશોના ધાર્મિક, વૈજ્ઞાનિક અને ઐતિહાસિક પુસ્તકોમાંથી મળી આવે છે. પણ આ પહેલીજ વાર અત્યારની વૈજ્ઞાનિક પધ્ધતિ સૂર્યશક્તિનો પોતે જાતે જ કરેલો પ્રયોગ અને અનુભવ આપણને હીરા રતન માણેક (ટુંકમાં **HRM**) પાસેથી જાણવા મળે છે. આજે દુનિયાભરમાં તેમના હજારો અનુયાઇઓ છે જેઓ સૂર્ય યોગ કરી રહ્યા છે.

નો જન્મ ૧૯૩૭માં ભારત દેશના બોધવાડ મુકામે થયો અને તેઓ કેરાલાના કેલીકચમાં મોટા થયા. તેઓ મિકેનીકલ એન્જીનીયર છે. નાનપણથી જ તેઓને સૂર્ય પ્રત્યે એક અદભૂત આકર્ષક હતુ. અને સૂર્યશક્તિ વિષે જાણવા શીખવાની ખૂબજ ઇન્તેજારી હતી. ૧૯૯૨માં નિવૃત્ત રિટાયર્ડ થયા બાદ તેમણે પોતાનો બધો સમય અને શક્તિ સૂર્યવિષે માહિતી મેળવવામાં અને તેના અખતરા પોતાની ઉપર કરવામાં ગાળ્યો. તેમણે સૂર્યના તાપમાં ચાલવામાં અને તીર્થ સ્થળોમાં ફરી તપ કરતા સિધ્ધ સાધુસંતો પાસેથી સૂર્યશક્તિ વિશે જાણકારી મેળવવામાં ઘણો સમય ગાળ્યો. તેઓ જે કાંઇ શિખ્યા તેનો વૈજ્ઞાનિક પધ્ધતિથી પોતાની જાત ઉપરજ બધા પ્રયોગ કરી બધી વિગતોની નોંધ રાખી ઘણી જ માહિતી એકઠી કરી. જેમ જેમ એમના અનુભવો સધ્ધર થતા ગયા તેમ તેમ એમણે બીજાઓને પણ આ ઉત્તમ અને સૌ કોઇ સહેલાઇથી કરી શકે એવો સૂર્ય યોગ શીખવવા માંડ્યો. **HRM** કહે છે કે તેમણે કશીજ નવી શોધ કરી નથી. પણ સાધારણ માણસો સમજી શકે અને તેનો પ્રયોગ કરી તેનાથી થતા અનેક લાભો લઇ શકે એવી સહેલી અને સરળ રીત શીખવે છે. સૂર્ય યોગથી જે કંઇ લાભ થાય છે તેનો તેઓ પોતે જ મોજૂદ દાખલો છે. તેમના હજારો અનુયાયી પણ પોણાને થતા લાભ જણાવે છે. **HRM** પોતે ૧૯૯૫ના જૂન મહિનાથી આજ દિવસ સુધી કંઇ પણ ખોરાક લેતા નથી. તો પણ તેઓ ઘણા સ્કુર્તિવાન અને તંદુરસ્ત છે. તેઓ ફક્ત પાણી જ પીવે છે અને કોઇક વાર યજમાનના અતિ આગ્રહને વશ થઇ એક કપ ચ્હા, કોફી, અથવા છાશ પીએ છે. બીજા કંઇ પણ ફળફળાદિ કે રસ પીતા નથી. અહી આપેલી સૂર્ય યોગની માહિતી અને રીતી તેઓના જણાવ્યા મુજબ ગુજરાતી તરજુમો કરી લખી છે. જે કોઇને વધુ વિગત કે માહિતી જણાવવી હોય તેણે ઇન્ટરનેટ ઉપર www.solarhealing.com માં જઇ sungazing ઉપર જવું અથવા તો **HRM** ને સીધો જ ઇમેઇલ કરી સવાલ પૂછવા. તેમનો ઇમેઇલ છે. hiraratanmanek@yahoo.com

**- દક્ષ દ્રષ્ટિ**

## સર્વ વેદના ચાર રૂપ જ વેદોમાં સામાન્ય મંત્ર યાને ગુરૂ મંત્ર ગાયત્રી મંત્ર

વેદ માનવ જાતિનો સૌથી વધારે પ્રાચીન ગ્રંથ છે. સમગ્ર માનવ જાતિના કલ્યાણનો ઉપદેશ છે. તેથી તો આધગુરૂ શંકરાચાર્યજીએ ઉપદેશ કર્યો છે કે વૈધ ચિત્યમ્ અધીયતામ્ રોજ રોજ વેદનું અધ્યયન કરો. વેદ મંત્રોના અર્થનું નિત્યપાન કરવાથી લૌકિક તેમજ પારલૌકિક કલ્યાણ થાય છે. ચારે વેદોનો તે સામાન્ય મંત્ર છે. તે તેની પવિત્રતા અને આધ્યાત્મિક મહત્તા દર્શાવે છે. વેદનો અર્થ સાર ગાયત્રી મંત્ર ગણાય છે. આ મંત્રમાં જ્ઞાન કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ છે. તેમાં ઇશ્વર પ્રાપ્તિનો પરમ બોધ સમાયો છે.

### ગાયત્રી મંત્ર

ૐ ભૂર્ભવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્ય ભર્ગો દેવસ્ય ધિમહી ધિયો યોનઃ પ્રચોદયાત્।

(૧) ઋગવેદ ૩-૬૨-૧૦ (૨) યજુર્વેદ ૩.૩૫ સામવેદ ૩-૩-૧૦ અર્થ.

(૧) ૐ હે સર્વરીપ્ર સર્વશક્તિમાન, સર્વ વ્યાપક સર્વાન્તયોની.

(૨) ભૂર્ભુવઃ સ્વઃ હે પ્રાણ સ્વરૂપ, દુઃખનાશક, સુખ સ્વરૂપ.

(૩) તત્સવિતુર્વરેણ્ય : તારા સૃષ્ટિ સર્જક , સૃષ્ટિ પાલક, સૃષ્ટિ સંહારક વરવા લાયક સ્વરૂપને તેમજ

(૪) ભર્ગોદેવસ્ય ધિમહિ : શ્રેષ્ઠ તેજસ્વી પાપનાશક , દિવ્ય ચેતન સ્વરૂપ, જ્ઞાનયુક્ત અલૌકિકપ્રભુમય પ્રકાશને અમો ખૂબજ શ્રધ્ધા અને ભક્તિથી અંતરમાં ધારણ કરીએ છીએ.

(૫) ધિયો યોનઃ પ્રચોદયાતઃ : તે પરમકૃપાળુ પરમેશ્વર અમારી બુધ્ધિને નિર્મળ પવિત્ર શુધ્ધ કરી ધર્મ, અર્થ,કામ અને મોક્ષના સન્માર્ગે તરફ દોરી જાય છે.

આ દિવ્ય મંત્રમાં ઇશ્વર સર્વજ્ઞ, સર્વવ્યાપક, સર્વશક્તિમાન અને સર્વાન્તરયામી છે. તેમજ તે પ્રાણ સ્વરૂપ દુઃખનાશક અને સુખ સ્વરૂપ છે. તેમ જણાવ્યું છે. પરમાત્માની સૃષ્ટિ કર્તુ, સૃષ્ટિ પાનુ, સૃષ્ટિ પદનું શક્તિનો ખ્યાલ આપ્યો છે. તેથી તે મંત્ર ઇશ્વર વિશેનું જ્ઞાન આપે છે. તેમ કહી શકાય.

પરમાત્માના દિવ્ય તેજને અમે અમારા અંતરના આત્મામાં ધારણ કરીએ છીએ. આત્મભાવમાં શ્રધ્ધા અને ભક્તિના દર્શન થાય છે. તેમજ યોગ માર્ગનું પણ અંગુલી નિર્દેશન મળે છે.

અમારી બુધ્ધિને સન્માર્ગ તરફ દોરો, આ કથનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કર્મ માટે પ્રવૃત્તિ કરવાનો આદેશ મળે છે. તેમજ ઇશ્વરના દર્શન આપણા અંતઃકરણમાં થાય છે. માટે તેને બહાર શોધવાની કોઇ જરૂર નથી. તેવો આડકતરો ઇશારો પણ આપ્યો છે.

ગાયત્રી મંત્રનું ગાન કરવાથી જીવન તરી જાય છે. મનન કરવાથી જે તારે તે મંત્ર કહેવાય છે. ગાયત્રી સર્વમંત્રોમાં સર્વશ્રેષ્ઠ છે તેથી તે ગુરૂમંત્ર - મહાન મંત્ર કહેવાય છે. તેની ભાવના રટણ અને લય સમયે આપણા હૃદયમાં જગત વ્યાપિની જગત કર્તણી અને જગત સંહારી ગાયત્રી માતાની માનસિક મુર્તિ આપણા હૃદયમાં ભાવપૂર્ણ રીતે પ્રગટવી જોઇએ. ભક્તિની ભાવના અને પ્રેમશક્તિની વિશ્વવ્યાપિની વિશ્વમાં એકરૂપ થવી જોઇએ. ત્યારેજ ગાયત્રીસમંત્ર આપણો તારક મંત્ર બને છે. ગાયત્રી મંત્રનું રટણ કરવાથી જાપ જપવાથી આપણા ખરાબ સંસ્કાર, દુર્ગુણો, દુષ્ટ ભાવનાઓ અને નીચવાસનાઓનો નાશ થાય છે. જીવનનું અંધારૂ દૂર થાય છે. અને જ્ઞાનનું અજવાળુ પથરાય છે. આવો તે પાવનકારી પવિત્ર મંત્ર છે. વેદ જ્ઞાન સ્વરૂપ અને વેદ સાર સ્વરૂપ છે. વેદ વિશ્વંભરની વિરલ વાણી છે. તે અપૌરૂષેય છે. ઋષિમુનિઓના પવિત્ર મનમાં ધ્યાન અવસ્થામાં પ્રભુ પ્રેરણાથી ઉદ્‌ભવેલ છે. સમાધિમાં સર્વસ્વરનો નાદ સાંભળવાથી , સ્વયં સ્કુરિત ગાયત્રી સુમંત્રનું સાંઢ્ય સ્વાનંદિત સ્વરૂપમાં ગૌરવશાળી સર્જન થયું.

**- શરદચંદ્ર ભટ્ટ**

# સ્મરણાંજલી



**સ્વ.શ્રી અરવિંદલાલ મગનલાલ જોષી (રૂપાલ-વિક્રોલી)**
**સ્વ.તા. ૧૭/૮/૨૦૦૮**


" મળે છે દેહ માટીમાં, પણ માનવીનું કામ જીવે છે. "
" મરે છે માનવી, પણ માનવીનું નામ જીવે છે."

માનવ જન્મથી નહિ પણ કર્મથી મહાન બને છે. આ જીવન સત્યને ચરિતાર્થ કરનાર પૂજ્ય સ્વ.અરવિંદલાલ મગનલાલ જોષી જીવનમાં સેવા અને પરોપકારનો જીવ બની સામાજીક-ધાર્મિક અને કૌટુંબીક એકતા અને સેવાભાવની પ્રવૃત્તિ ના કર્મયોગી બની દરેકનું હિત ઈચ્છી પોતાના કરેલા કર્મની મીઠી ફોરમ ફેલાવી ગયા તેવા મહામાનવને અમારા પરીવારના લાખ લાખ વંદન.

ગં.સ્વ. જોષી સવિતાબેન અરવિંદલાલ તથા કોમલ કે.પંડ્યા

| | |
|---|---|
| પંડ્યા સુરેશચંદ્ર ડાહ્યાલાલ | પંડ્યા જ્યોત્સનાબેન સુરેશચંદ્ર |
| પંડ્યા નારાયણદાસ ભોગીલાલ | પંડ્યા દમયંતીબેન નારાયણદાસ |
| જોષી ચંદ્રકાંત બાબુલાલ | જોષી નયનાબેન ચંદ્રકાંત |
| પંડ્યા કિરીટકુમાર વાસુદેવ | પંડ્યા દક્ષાબેન કિરીટકુમાર |

રીટા, જીજ્ઞા, તૃપ્તી, બીજલ, જનીતા, શેતલ, કલ્પેશ,
મંથન,યજ્ઞેશ, વિરલ, અને જીગર
જોષી બાબુલાલ રેવાશંકર તથા સમસ્ત " દક્ષ દ્રષ્ટી " પરીવાર



**પૂ.બાપૂજી (મણીભાઈ એમ.પંડ્યા) (સરડોઈ)**
**દેહવિલય તા.૧૯/૮/૨૦૦૧ ને શ્રાવણ વદ અમાસ**

ધાર્મિક સંસ્કારોના સિંચન દ્વારા તેમણે લાડ પ્યારથી જતન કરી અમારૂ જીવન ઘડતર કર્યુ છે. ભૌતિક સુવિધા - સંપન્ન જીવનની સાથે આધ્યાત્મિક ઉત્થાનનો માર્ગ ચીંધ્યો છે.સત્સંગ પ્રતિપ્રેરી જઈ સંગીન અને સુખમય જીવવાની કળા શીખવી છે અને જેઓએ બાહ્ય અને આંતરીક જીવનના મુલ્યોની મુડીના અમને વારસદાર બનાવ્યા છે. તેવા દેવતુલ્ય પિતાનું સ્મરણ કરી તેમના પ્રતિ આદરભાવે અમારી કૃતજ્ઞતા પ્રગટ કરીએ છીએ.

| | |
|---|---|
| શ્રી અશોકભાઈ એમ. પંડ્યા | અ.સૌ. હર્ષાબેન એ.પંડ્યા |
| શ્રી કમલેશભાઈ એમ. પંડ્યા | અ.સૌ. આશાબેન કે. પંડ્યા |
| શ્રી હરેશભાઈ એ. જોષી | અ.સૌ. ભાવનાબેન એચ.જોષી |
| શ્રી મયુરભાઈ આર. આચાર્ય | અ.સૌ. હેતલબેન એમ. આચાર્ય |
| શ્રી અંકુરભાઈ ડી. ત્રિવેદી | અ.સૌ. ડિમ્પલબેન એ. ત્રિવેદી |

મેઘના દાણી - અવનિ - હેમલ - પારસ - પરિધી
ચિંતન - નેહા ગોર -નિશિત-ક્રિષા આચાર્ય
મનોજભાઈ બી.જોષી તથા સમસ્ત " દક્ષ દ્રષ્ટી " પરીવાર

# માનવ જીવન માં ધર્મ

માનવ જીવન ધર્મ સાથે સંકળાયેલ છે. ધર્મ વ્રત તપ જપ નિયમ અને આચરણથી વ્યાપ્ત છે. ધર્મ માનવ જીવનનું કર્તવ્ય અન્યના ઋણોનો બદલો અને પરસ્પરનો સહકાર સ્થાપિત કરે છે. માનવ માત્ર વિચાર, વૃત્તિ, ભાવના અને વિવિધ બંધનથી યુક્ત છે. તેમાં શુભ, અશુભ, સારી ખોટી, ઈષ્ટ અનિષ્ટ બાબતોનું પૃથ્થકરણ વર્ગીકરણ સયોજન કરાવી આપતુ તત્વ ધર્મ છે. ધર્મનું ક્ષેત્ર વિશાળ અને અનંત હોવા છતા માનવ મર્યાદામાં તેનું થોડુ ઘણુ પણ સારી રીતે આચરણ કરવામાં આવે, કુદરતી નિયમોનુસાર જીવન જીવાય, ઈશ શ્રધ્ધા અને બળથી તેને સમૃધ્ધ અને સુગંધીત બનાવાય તે જ સાચી ધર્મ ચેતના કે ધર્મ જાગૃતિ ગણાય.

સમગ્ર વિશ્વમાં વસતો માનવ સમુદાય પોત પોતાની માન્યતા, પરિસ્થિતિ પ્રાપ્ત વિચારો અનુસાર જીવન જીવે છે. ધર્મ તેને દિશા અને દ્રષ્ટિ આપે છે. સ્થળ જળ અને નભમાં વિચરનારા સર્વ પશુ પક્ષી પ્રાણીઓમાં માનવ શ્રેષ્ઠ સામાજીક પ્રાણી તેના ધર્મના બંધનો અને વ્યવહારોને કારણે વિશિષ્ટ છે. પશુ-પક્ષી અને માનવ સિવાયના અન્ય પ્રાણીઓ આહાર, નિંદ્રા, ભય અને મૈથુન વડે જીવન વ્યતિત કરે છે. જ્યારે માનવ ધર્મ બુધ્ધિ સાથે આહાર, નિંદ્રા, ભય, મૈથુન ઉપરાંત વિચારો લાગણીઓ, સબંધો, વૃત્તિઓનો વિવેક પૂર્વક સમજી વિચારી સદ્ઉપયોગ કરે છે. ટુંકમાં માનવ તેની પ્રત્યેક પ્રવૃતિ ધર્મને આધિન રહી બુધ્ધિ પૂર્વક જીવન જીવે ત્યારે જ તે મહામાનવ બનવા યોગ્ય ઠરે છે. આ અંગે કેટલીક વિશ્વ વંદનીય મહાન વિભુતિઓ ના અવતરણો, સાચો ધર્મ, માનવ જીવન અને વ્યવહારમાં ધર્મના સંકેતો આપે છે. તે હવે જોઈએ.

(૧) સફળતા મેળવવા બીજા કરતા વધુ જાણો, વધુ કામ કરો અને અપેક્ષા ઓછી રાખો. (વિલીયમ સેકસપિયર)

(૨) જો તમે વિજય મેળવો છો તો તેનો ખુલાસો કરવાની જરૂર પડતી નથી. પરંતુ જો તમે હારો છો તો ત્યાં ખુલાસા કરવા સક્ષમ નથી. (એડોલ્ફ હિટલર)

(૩) જો દિવસ દરમ્યાન તમે કોઈ મુશ્કેલી માંથી પસાર ન થાવ કે કોઈ મુશ્કેલીઓનો સામનો ના તો સમજજો કે તમે કોઈ ખોટા માર્ગે જઈ રહ્યા છો. (સ્વામીવિવેકાનંદ)

(૪) તમે તમારી જાતની દુનિયામાં કોઈની સાથે સરખામણી ના કરો, જો તમે આવું કરશો તો તમારી જાતનું અપમાન કરો છો. આત્મ વિશ્વાસ ઓગાળો છો. (એલન સ્ટ્રીક)

(૫) જેને આપણે જોઈએ છે તેને જો આપણે પ્રેમ ના કરી શકીએ તો આપણે ભગવાનને કઈ રીતે પ્રેમ કરી શકીએ જેને આપણે જોયા જ નથી. (મધર ટેરેસા)

(૬) કોઈપણ માણસ એટલો ધનવાન નથી કે તેનો ભુતકાળ ખરીદી શકે. (ઓસ્કર વાઈલ્ડ)

(૭) જો તમારે સાચી શાંતિ જોઈતી હોય તો તમારા મિત્ર સાથે વાત ના કરશો. પણ તમારા દુશ્મન સાથે વાત કરતા રહો. દુશ્મનાવટનો જ અંત આવશે. (મહાત્મા ગાંધી)

(૮) જીતવું એટલે તમે જે પહેલા કર્યુ હતુ તેના કરતા હવે વધુ સારૂ કરો છો. (બોની બ્લેર)

(૯) દરેક વ્યક્તિ દુનિયાને બદલવાનું કહે છે, વિચારે છે. પણ કોઈ પોતાની જાતને બદલવાનું વિચારતુંજ નથી. (લીઓ ટોલ્સ રોય)

(૧૦) જીવનમાં ચાર વસ્તુ તુટી શકે. વિશ્વાસ, વચન, બંધન અને દિલ કારણ કે તે જયારે તુટે છે ત્યારે અવાજ નથી કરતા. પરંતુ ઘણુ બધુ દુઃખ થાય છે. આ ચારને તૂટતા બચાવે તે સુખી થાય છે. (પ્રિન્સ ચાર્લ્સ)

(૧૧) જેમણે જીંદગીમાં ક્યારેય ભુલ નથી કરી તમણે તેમની જીંદગીમાં ક્યારેય સાચી દિશા, દ્રષ્ટિ અને દશા જોવાનો પ્રયત્ન નથી કર્યો. (આઈન સ્ટાઈન)

(૧૨) દરેક વ્યક્તિ જોખમી છે એવું માનો પણ તે સાથે એવું પણ સ્વીકારો કે દરેક જણ બહુ જોખમી નથી. દરેક પાસેથી કંઈક પામી શકાય છે. (અબ્રાહમ લિંકન)

(૧૩) વિપત્તિમાં મારી રક્ષા કરો એ મારી પ્રાર્થના નથી, પણ વિપત્તિમાં હું ભય ના પામુ એ મારી પ્રાર્થના છે. (રવિન્દ્રનાથ ટાગોર)

(૧૪) દુઃખ અને સંતાપથી ચિત્ત વ્યથિત થઈ જાય ત્યારે મને સાંત્વન ના આપો તો ભલે પણ દુઃખ પર હું વિજય મેળવી શકુ એવું કરજો.

(૧૫) હરિયાળા જંગલને ક્યાંક રણવગડે જીવી જઈએ, પશુ પંખીને સરીસૃપ, કિટક જંતુ થઈને અમે કુદરતને અનુકુળ થઈને રહીએ. (ર્ડા.એચે.એચ.સિંહ)

(૧૬) તમારા જીવનબાગનું મુલ્યાંકન કરો, ફુલોથી, તેની ખુશ્બુથી (અનામી - નિવૃત્ત પ્રોફેસર)

## ધર્મચેતના

આમ માનવ જીવનમાં ધર્મ ડગલેને પગલે શાશ્વત રૂપે મળી આવે છે. પણ ધર્મના મર્મને પામવાની ગુંજાઈશ માનવી પાસે પુરતી નથી. જેઓ માનવ જીવનમાં ધર્મનો મર્મ પામી ગયા છે તેઓ જીવનના ઝંઝાવાતો સંઘર્ષો અને વિપત્તિઓથી કદી ડર્યા નથી. ઉલટાનું તેવા પ્રસંગોએ અડગ મનથી અને શુભ સંકલ્પથી આગળ વધતા જ રહ્યા છે. દુનિયામાં આવી દુનિયાને કંઈક અનોખુ પ્રદાન કરી અમરતાના પંથે ગયા છે. ઉપરોક્ત સોળ અવતરણો ના મર્મને પામવા પ્રયત્ન કરીશું તો આપણને પણ આપણા જીવનને વધુ સારૂ બનાવવાની પ્રેરણા અને શક્તિ પ્રાપ્ત થયા વિના રહે નહિ. ધર્મ જાણવાનો માણવાનો નહિ પણ જીવનમાં ઉતારવાનો વિષય છે.

**- પ્રવિણભાઈ પંડ્યા**
**(નડીઆદ)**

| અ.નં | રકમ | સંદર્ભ | નામ | ગામ |
|---|---|---|---|---|
| ૧ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી અજયકુમાર રમેશચંદ્ર વ્યાસ | કઠલાલ |
| ૨ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી રાજેન્દ્રકુમાર રસિકલાલ ભટ્ટ | ભરૂચ |
| ૩ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ડૉ. જયદત્તભાઇ વ્યાસ | આણંદ |
| ૪ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી પંડિત પરીવાર | કરમસદ |
| ૫ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી મહેશભાઇ મૂળશંકર વ્યાસ | પેટલાદ |
| ૬ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ચીમનભાઇ શામશંકર શાસ્ત્રી | પૂના |
| ૭ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી અજયભાઇ કરૂણાશંકર વ્યાસ | બેંગ્લોર |
| ૮ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી વિજયભાઇ આર.પટેલ | સુરત |
| ૯ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી નિશિતભાઇ ભટ્ટ | નડીઆદ |
| ૧૦ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી પરસોત્તમભાઇ એમ.ગોર | નાસિક |
| ૧૧ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી ધવલકુમાર મીનેષભાઇ પંડ્યા | ખંભાત |
| ૧૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી કમલકાંન્ત દુર્ગાશંકર વ્યાસ | નડીઆદ |
| ૧૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સેવક હર્ષદભાઇ ચંદ્રશંકર | નડીઆદ |
| ૧૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જાની હર્ષાબેન અશ્વિનકુમાર | બાકરોલ |
| ૧૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ રાજેન્દ્રપ્રસાદ શાંતિલાલ | અરેરા |
| ૧૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી વિષ્ણુપ્રસાદ વી. | સાયમા |
| ૧૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા વિષ્ણુપ્રસાદ વી. | સાયમા |
| ૧૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા વિજયકુમાર સૂર્યકાન્તભાઇ | માતર |
| ૧૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ પ્રેમલકુમાર પ્રમોદચંદ્ર | મોડાસા |
| ૨૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જોષી પંકજભાઇ બાબુલાલ | નડીઆદ |
| ૨૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ રાવજીભાઇ સોમેશ્વર | અકલાચા |
| ૨૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી શાસ્ત્રીજી શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવ | નડીઆદ |
| ૨૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જાની ચંદુલાલ મૂળશંકર | પેટલાદ |
| ૨૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ નિરવભાઇ મહેન્દ્રભાઇ | કરોલી |
| ૨૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા જયેશકુમાર શુકદેવપ્રસાદ | મહેમદાવાદ |
| ૨૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી અનુપમભાઇ શૈલેન્દ્રભાઇ ઠાકોર | વડોદરા |
| ૨૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ઉપેન્દ્રભાઇ જે.ભટ્ટ | નડીઆદ |
| ૨૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ગૌરાંગભાઇ મુકેશભાઇ પંડ્યા | મહેમદાવાદ |
| ૨૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જયેશભાઇ કરૂણાશંકર તરૈયા | રાજકોટ |
| ૩૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી અરવિંદભાઇ મહાશંકર ત્રિવેદી | અમદાવાદ |
| ૩૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દવે દિપકભાઇ મહેન્દ્રભાઇ | મહેમદાવાદ |
| ૩૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી શુક્લ રમેશભાઇ રેવાશંકર | ચોઇલા |
| ૩૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ઠાકોર યોગેશકુમાર મગનલાલ | સાવલી |
| ૩૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ ગીતાબેન દિનેશચંદ્ર | આણંદ |
| ૩૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ ચંદ્રકાંન્ત જયંતિલાલ | દેવગઢ બારીયા |
| ૩૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી મહેતા દિનેશકુમાર નટવરલાલ | મહેમદાવાદ |
| ૩૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી અશોકભાઇ હરીપ્રસાદ દવે | નડીઆદ |
| ૩૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સચીનભાઇ મહેન્દ્રભાઇ ગોર | જામનગર |
| ૩૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પૂનમભાઇ એચ. મહેતા | નડીઆદ |
| ૪૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા નવનીતભાઇ જાદવજીભાઇ | નડીઆદ |
| ૪૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વ્યાસ દેવાંગભાઇ જયંતિલાલ | નડીઆદ |
| ૪૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી નિલેશભાઇ ગગનભાઇ ત્રિવેદી | નડીઆદ |
| ૪૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી કૌસ્તુભભાઇ પરસોત્તમભાઇ દવે | વડોદરા |
| ૪૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી આનંદભાઇ ડી. ગોર | ગોંડલ |
| ૪૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પરમાનંદભાઇ એચ. ગોસ્વામી | ખેડા |

**આજીવન લવાજમ રૂા.૫૦૧/–**
**વાર્ષિક લવાજમ રૂા.૧૦૧/–**

**આપનું લવાજમ ભરવા માટે લવાજમની રકમનો ચેક દક્ષ કન્સલ્ટન્સી નામથી લખી નીચેના સરનામે કુરીયર અથવા પોસ્ટથી મોકલી આપવા વિનંતી.**

**દક્ષ કન્સલ્ટન્સી,**
**૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,**
**નડીઆદ-૩૮૭૦૦૧.**
**ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫.**
Email : daksh_drasti@rediffmail.com
Email : dakshconsultancyape@yahoo.co.in

## " દક્ષ દ્રષ્ટી " મેળવવા અને સમાચાર તથા લવાજમ મોકલવાનું સરનામુ

નડીઆદ :-દક્ષ કન્સલ્ટન્સી, ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,નડીઆદ-૩૮૭૦૦૧.
ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૪૨૮૬ ૪૯૯૪૫
મુંબઇ :- ભૂપેન્દ્રભાઇ બી.આચાર્ય
ફોન નં.૨૮૦૨૧૨૪૨/ ૨૮૦૫૬૭૪૦, (મો)૯૮૨૦૩૩૩૩૫૨.
ભાંડુપ :- શ્રી પંડ્યા સુરેશચંદ્ર ડાહ્યાલાલ
(મુંબઇ - ૭૮) ફોન : ૨૫૯૬૩૦૨૨ (મો) ૯૮૭૦૪૩૩૪૯૯.
ભાયંદર :- શ્રી પંડ્યા સંજયકુમાર રસીકલાલ,થાણા - ૪૦૧૧૦૧.
ફોન : ૩૨૯૧૭૦૭૭ (મો) ૯૩૨૪૪૭૦૦૪૭.
ડોંબીવલી :- શ્રી નિલેશભાઇ શંકરલાલ રાવલ
ફોન:૯૩૨૩૩૧૨૬૫૧,૯૯૨૦૪૮૭૬૪૩,
બોરીવલી:- ઠાકર મુકેશભાઇ ભાનુશંકર ફોન : ૯૩૨૪૫ ૯૨૪૯૯.
અમદાવાદ :- કમલેશભાઇ મણીભાઇ પંડ્યા. ફોન નં.૯૪૨૭૦૨૨૨૩૯.
ખેરાડી :- ડૉ.ચંદુલાલ શંકરલાલ જોષી ફોન નં. ૨૨૦૩૨૧, ૯૪૨૭૦૪૮૮૦૫.
આણંદ :- જતીનભાઇ પંડ્યા ફોન : (મો) ૯૪૨૮૯ ૦૩૬૨૬
ચોઇલા :- નટુભાઇ ચુનીલાલ પંડ્યા. ફોન :૯૫૨૭૭૯-૨૨૨૩૭૮
મોડાસા :- અતુલભાઇ કેશવલાલ રાવલ. ફોન નં : ૨૪૩૩૧૮. (મો) : ૯૯૭૯૪૧૬૫૬૬
હિંમ્મતનગર :- મહાદેવપ્રસાદ કેશવલાલ જોષી. ફોન :- ૯૨૭૫૦ ૮૧૬૩૨
વડોદરા :- ભટ્ટ મુકેશભાઇ મધુસુદનભાઇ ફોન :(રહે) ૨૪૯૨૬૭૭(મો): ૯૪૨૬૯૬૨૫૨.
વડોદરા :- હર્ષદભાઇ રતિલાલ પંડ્યા ફોન :૯૮૨૪૦ ૧૦૭૯૩ (રહે) ૦૨૬૫ ૨૭૬૧૧૩૯
ગાંધીનગર :- મનુપ્રસાદ એલ. જોષી. ફોન : ૨૩૨૪૮૦૬૧ (મો): ૯૮૨૪૦૦૬૭૪૮.
દાહોદ : બદ્રીપ્રસાદ જે.શર્મા. ફોન : ૯૯૨૫૫ ૦૨૦૨૪
હાલોલ : કિશોરભાઇ સોમેશ્વર પંડ્યા, ફોન :(૦૨૬૭૬)૨૨૫૬૭૪(મો)૯૪૨૭૭ ૧૭૧૩૫
ગોધરા : ભાનુભાઇ શીવશંકર મહેતા. ફોન : ૯૪૨૮૦ ૧૨૯૦૮, ૯૮૨૫૩ ૩૧૪૩૩
દીવ/ ઉના : શ્રી રમેશભાઇ રાવલ (સિંહ દર્શન) ફોન : ૯૮૨૫૯ ૯૬૨૫૪
વેજલપુર : શ્રી સુરેશભાઇ એન. જોષી (પત્રકાર) ફોન : ૯૯૭૯૩ ૭૦૮૯૧

માનવ માત્રે સાહસ, ઉત્સાહ, આશા અને પ્રેરણાના સિંચન થકી જીવનને સફળ બનાવવું. માનવી પરમાત્માનો અંશ છે. સૌ હરિને સંભાળે , હરિ તેમને સંભાળશે. હળી મળીને સૌ પ્રેમથી જીવન જીવતા શીખો. સાદગી અને સંયમથી જીવો. દરેક સાથે મમતાથી વર્તો, બને તેટલા બીજાને ઉપયોગી થાવ. દુન્વયી વ્યવહારો, નીતિ નિયમો પાળવા સાથે સાથે આત્માનું અને સમષ્ટિનું કલ્યાણ સાધો. સંસારમાં રહીને જ ઈશ્વર પ્રાપ્તિ કરી શકાય છે. યાદ રાખો દરિયાના તળિયે પડેલ સોનાને બહાર લાવવામાં સફળતા મેળવનારો માનવી કદાચ કરોડપતિ બની જાય છે. પણ પોતાના અંતરમાં ધરબાયેલી પ્રેમ લાગણી સંવેદના અને શીલતાને બહાર લાવવામાં સફળ બનનારો તો ખૂદ પરમાત્મા સ્વરૂપ જ બની જાય છે.

મનુષ્ય જન્મ ૮૪ લાખ યોનીમાનો અમુલ્ય અવસર છે. તમે પોતાની સમજનો સદ્ઉપયોગ કરો તો જન્મ-મરણના મહા દુઃખથી પણ છૂટી શકાય. પોતાની સત્તા, સેવા અને અનુભવોનો આદર કરો સતપુરૂષો, સત્શાસ્ત્રો, સંતો પાસેથી સાચુ માર્ગદર્શન મેળવી માનવ જીવનને સાર્થક સફળ બનાવો. વ્યક્તિ તેના ગુણ અને કાર્યથીજ મહાન બને છે. ત્યારે તેને કોઇ પંથ, વાડો, વર્તુળ, સંપ્રદાય રહેતો નથી. સમગ્ર વિશ્વને તેનો પરિવારીક સબંધ જાળવવા પ્રયત્નશીલ રહે છે. વ્યક્તિમાંથી સમષ્ટિમાં જ તે પોતાના સ્વસ્વરૂપને નિહાળે છે. વિશ્વ બંધુત્વનો સતત વિકાસ કરી વિસ્તાર વધારે છે.




જીવનમાં પરિસ્થિતિઓનો મજબુત મનોબળથી સામનો કરી પ્રત્યેક નિર્ણયોમાં સફળતા પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ બતાવતુ પુસ્તક એટલે.

**" જીવન સંદેશ "**

**પુસ્તક મેળવવાનું સ્થળ**

| | | |
|---|---|---|
| દક્ષ કન્સલ્ટન્સી | ગંજબજાર | નડીઆદ |
| ગજાનન પુસ્તકાલય | ટાવર રોડ | સુરત |
| હરીહર પુસ્તકાયલ | ટાવર રોડ | સુરત |
| પરમહંસ સ્ટેશનરી | સંસ્કૃત પાઠશાળાની બાજુમાં | ડાકોર |
| વલ્લભ બુક સ્ટોલ | મેઈન બજાર | ઉમરેઠ |
| સ્વદેશી વસ્તુ ભંડાર | ૪, જેમ્સ પ્લાઝા | આણંદ |
| આશીક બુક સ્ટોલ | જુનુ બસ સ્ટેશન | આણંદ |
| અજય બુક સ્ટોલ | મોટા બજાર | વિદ્યાનગર |
| અરિહંત બુક સ્ટોલ | એસ.ટી.સ્ટેન્ડ | હિંમતનગર |

તથા તમામ અગ્રણી પુસ્તક વિક્રેતાઓને ત્યાં ઉપલબ્ધ

**" જીવન સંદેશ " પુસ્તક**
**કિંમત રૂા.૫૦/-**

**વડીલશ્રી, આપનું આજદીન સુધીનું / ચાલુ વર્ષનું લવાજમ બાકી છે તો સત્વરે મોકલી આપવા વિનંતી. (આપનું આજીવન / વાર્ષિક લવાજમ જમા કરેલ છે.)** **" દક્ષ દ્રષ્ટી "**